## –:: સેશન્સ કેસ નં.૧૬/૨૦૨૦ના કામે ચાર્જશીટ લગત હુકમ ::–

(૧) આ કામના આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદીએ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૮, ૩૭૯, ૪૧૧ મુજબની ફરિયાદ ચોરવાડ, પોલીસ સ્ટેશન ગુ. ર. નં.I ૧૦/૨૦૧૯ની આપેલ છે. આ કામે આંક ૨૬થી આ કામના આરોપીઓ વિરૂધ્ધ તા.૧૩/૦૩/૨૦૨૩ના રોજ ચાર્જફ્રેમ કરવામાં આવેલ છે.

(૨) ચાર્જની હકીકતો જોતાં, તે નીચે મુજબ છે.

"આ કામના તમો આરોપી નં.૧ નાએ તા.૨૬/૦૨/૨૦૧૯ના રોજ ફરિયાદી કુણાલભાઈના બાપુજી ભોગ બનનાર કાંતિભાઈ ઘેલાભાઈ શીરને તમો આરોપી હાજી ઉર્ફે હસન સમાએ કેશોદ ખાતેથી ટેક્ષી ભાડે કરી, રસ્તામાં ગડુ ગામે હોટલમાં નાસ્તો કરતી વખતે નશીલા પદાર્થ ખવડાવી, પીવડાવી, કાંતિભાઈને બેભાન કરી, તેણે પહેરેલ સોનાનો ચેઈન વજન દોઢ તોલા, કિંમત રૂા.૩૫,૦૦૦/– તથા તેની પાસે રહેલ રોકડ રૂા.૧૫૦/– કાઢી લઈ, ચોરી કરીને તમો આરોપી રમેશકુમાર કુશાજી પ્રજાપતિએ તમો આરોપી હાજી પાસેથી ચોરીનો સોનાનો ચેઈન વેચાતો રાખી, તેમજ તમો આરોપી હાજીએ નાસતા ફરતા આરોપી જીજ્ઞેશ હરકિશન પાસેથી નશીલી દવાઓ વેંચાતી મેળવી અને તેમ કરીને તમો આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૮, ૩૭૯, ૪૧૧ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ આ અદાલતની હકુમતમાં કરેલ છે".

(૩) ઉપરોકત ગુનાના કામે હાલના આરોપી તે આરોપી નં.૧ છે.

(૪) હાલના આરોપી નં.૧ ના સમન્સ પ્રોસેસની બજવણી થતા, હાલના આરોપી નં.૧ ને રાજકોટ, જેલમાંથી હાજર કરવામાં આવેલ. હાલના આરોપીને ઉપરોકત ગુના સબબ ફો. પ. અ. નં.૮૨/૨૦૨૧થી તા.૦૩/૦૬/૨૦૨૧ના રોજ જામીન અરજી શરતી મંજુર કરવામાં આવેલ, પરંતુ હાલના આરોપીએ જામીન આપેલ નથી. હાલના આરોપીને કોર્ટ રૂબરૂ જામીન આપવા અંગેનું પુછતા, હાલના આરોપીએ જણાવેલ કે, તે અગાઉથી બે કેસમાં આજીવન કેદની સજા ભોગવતા હોય, તે જામીન આપવા માગતા નથી અને હાલનો ગુનો કબુલ કરવા માગે છે તેમ

જણાવેલ, તેથી આરોપીને કબુલાતની ગંભીરતા સમજાવેલ અને જણાવેલ કે, આવું કરતા તેને પુરી સજા થવાની પણ સંભાવના રહેલ છે તેમ જણાવેલ, તેમ છતાં, આરોપી નં.૧ કબુલાત કરવા પ્રત્યે મકકમ રહેતા, તા.૧૩/૦૩/૨૦૨૩ના રોજ આંક ૨૭થી તેઓની કબુલાત કોર્ટે નોંધેલ.

(૫) ત્યારબાદ હાલના આરોપીને તા.૧૩/૦૩/૨૦૨૩ના રોજ કોર્ટ રૂબરૂ ઉપસ્થિત થતા, તેને ગુનાની ગંભીરતા અને કબુલાત પછી તેની થતી અસરો વિશે જણાવવામાં આવેલ, તેમ છતાં, તેણે ગુનો કબુલ છે તેમ જણાવતા, તેની કબુલાત લેવામાં આવેલ.

(૬) સદરી આરોપીએ આંક ૨૯થી તેને ઓછામાં ઓછી સજા કરવી તેવી પુરશીસ આપેલ છે, જે રેકોર્ડેડ કરેલ છે.

(૭) આ કામના હાલના આરોપીના ગુનાહિત ઈતિહાસને ધ્યાને લેતાં, આવા આરોપીને પુરેપુરી નશ્યત થવી જોઈએ તેવું અત્રેની કોર્ટનું માનવું હોય, સદર આરોપીને આંક ૨૬ના ચાર્જ લગત તેની વિરૂધ્ધ લગાવવામાં આવેલ કલમો સબબ નીચે મુજબની સજા કરવી અત્રેની કોર્ટને ઉચિત જણાતી હોય, હાલના આરોપી વિરૂધ્ધ સજા લગત નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## —: : હુ ક મ : : —

(૧) આ કામના આરોપી નં.૧, હાજી ઉર્ફે મંજર હસન સમા જાતે મુસ્લીમને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૮ મુજબના ગુના સબબ ૧૦(દશ) વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે.

(૨) આ કામના આરોપી નં.૧, હાજી ઉર્ફે મંજર હસન સમા જાતે મુસ્લીમને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૯ મુજબના ગુના સબબ ૩(ત્રણ) વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે.

(૩) આ કામના આરોપી નં.૧, હાજી ઉર્ફે મંજર હસન સમા જાતે મુસ્લીમને ભારતીય દંડ સંહિતાની કલમ ૪૧૧ મુજબના ગુના સબબ ૨(બે) વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે.

(૪) આ કામના આરોપી નં.૧, હાજી ઉર્ફે મંજર હસન સમા જાતે મુસ્લીમે ક્રિ. પ્રો. કોડની કલમ ૩૧ મુજબ આ તમામ સજા એકી સાથે ભોગવવી.

(૫) આ કામના આરોપી નં.૧, હાજી ઉર્ફે મંજર હસન સમા જાતે મુસ્લીમે આ કામે જેલમાં સમય પસાર કરેલ હોય તે તેને ક્રિ. પ્રો. કોડની કલમ ૪૨૮ હેઠળ મજરે આપવા હુકમ કરવામાં આવે છે.

(૬) આ કામના આરોપી નં.૧, હાજી ઉર્ફે મંજર હસન સમા જાતે મુસ્લીમને ક્રિ. પ્રો. કોડની કલમ ૩૬૩ અન્વયે હાલના હુકમની એક ખરી નકલ સત્વરે અને વિના મુલ્યે પુરી પાડવી.

(૭) આ કામે હાલના તબકકે મુદ્દામાલ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(૮) આરોપી નં.૨, રમેશકુમાર કુશાજી પ્રજાપતિ જાતે કુંભાર વિરૂધ્ધના કેસની કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમની જાણ એસ. પી. શ્રી, જૂનાગઢ તથા કલેકટરશ્રી, જૂનાગઢને કરવી.

આ હુકમ આજ તારીખ બારમી માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૩ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુ.કેશોદ,

તા.૧૨ / ૦૯ / ૨૦૨૩.

( મિલન ગિરીશચંદ્ર દવે )
એડિશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,
કેશોદ.
જીજે૦૦૫૨૨.